
॥ સ્વામી શ્રીજી ॥

॥ ૐ સ્વામિનારાયણ ॥



નૂતન વર્ષાભિનંદન!
કાર્તિક સુદી-પડવો,
સંવત-૨૦૮૨



# નૂતનવર્ષ ૨૦૮૨ના આરંભે સંતભગવંત સાહેબજીના આશીર્વાદ

પ્રભુના લાડીલા સર્વ સંતો-અક્ષરમુક્તો...

નવા વર્ષના પ્રારંભે અમો સૌ સંતો-ભક્તોના ભાવભર્યાં અભિનંદન! જયશ્રી સ્વામિનારાયણ!

આપણા ગુરુદેવ અને ઈષ્ટદેવને અંતરથી રાજી કરી લેવા છે એ આપણા સૌના જીવનનું એકમાત્ર ધ્યેય છે. જેમાં સઘળાં સુખો આવી જાય છે.

શ્રી ગુણાતીતાનંદ સ્વામી વાતો કરતાં બોલ્યા છે કે,
ભજન કરતાં કરતાં ક્રિયા કરીએ તો અંતરમાં ટાઢું રહે છે,
જે જોઈને મોટાસંત રાજી થાય છે...

તો, આખુંએ વર્ષ આપણે સૌ આ વાતને વર્તનમાં લાવવાના આગ્રહ રાખીએ. આપણા સમૈયા-ઉત્સવો-સભાઓ કે શિબિરોમાં આ વાતને સંતો-અંતરંગ મુક્તો થકી પાકી કરી પ્રભુના ગમે તેવું જીવન જીવવાની પ્રેક્ટિસ કરીએ, એ પ્રાર્થના છે.

સમગ્ર વિશ્વમાં શાંતિ સ્થપાય, અરસ પરસ સંવાદિતા વધે, આનંદ વધે અને સૌ તન, મન, ધન અને આત્માના સુખે સર્વ પ્રકારે સુખિયાં સુખિયાં બની રહે તેવા નવાવર્ષની આપણા સૌ સંતોની ગુરુચરણે-પ્રભુચરણે પ્રાર્થનાઓ છે. રાજી રહેશો.

સૌને નૂતન વર્ષાભિનંદન સાથે
આપના જ અશ્વિનભાઈ, રતીભાઈ, મનોજભાઈ
સૌ સંતો સાથે જશભાઈના ભાવપૂર્વક
જયશ્રી સ્વામિનારાયણ!

૨૨ ઑક્ટોબર,
સન્-૨૦૨૫